નાના બાળકોને જિનશાસનના રંગમાં રંગતી

# તુ રંગાઈ જા ને રંગમાં ૫

(રંગપૂરણી ચિત્રવાર્તાઓ)



પૂર્ણાનંદ પ્રકાશન
અમદાવાદ

વ્હાલા બાળકો !

'તું રંગાઈ જાને રંગમાં' પુસ્તિકાની બીજા વર્ષની પ્રથમ પુસ્તિકા તમોને મળી રહી છે.

વાર્તા વાંચવી અને ચિત્રોમાં રંગ પૂરવા એટલું જ પર્યાપ્ત નથી. મહત્ત્વનું કાર્ય તો આપણા પોતાના જીવનમાં સંસ્કારના સુંદર રંગો પૂરવાના છે.

આ પુસ્તિકા તમોને મળશે ત્યારે પરીક્ષાની તૈયારીમાં હશો. મહેનત બરાબર કરી વધુ ને વધુ ગુણ લાવવા પ્રયત્ન કરશો... પરીક્ષા બાદ આ પુસ્તિકાનો ઉપયોગ કરશો.

અનેક પરિસ્થિતિના કારણે આ પુસ્તિકા તૈયાર કરવામાં વિલંબ થયો છે. આગળની પુસ્તિકાઓ સમયસર મળતી રહેશે.

નવા વર્ષમાં તમારા મિત્રોને પણ આ પુસ્તિકા માટે પ્રેરણા કરશો..

આ પુસ્તિકાના માધ્યમે જ્ઞાનકળાની વૃદ્ધિ સાથે સંસ્કાર વૃદ્ધિ થાય એ જ ભાવના સાથે.

પૂર્ણાનંદ પ્રકાશન

---

## -: સ્પર્ધા નં. : ૪ના સાચા જવાબ :-

(૧) બળદો (૨) શ્રી પરમદેવ સૂરિ (૩) પ્રતિષ્ઠાના સમાચાર મળતાં મા હરખભેર તિલક કરે છે. (૪) કાઉસગ્ગ (૫) નાગદત્તમુનિ (કુરગડુમુનિ) (૬) ૧૧૫૩૫ (૭) તક આપવી (૮) મુનિદાનના પ્રભાવે.

---

## -: લકી વિજેતા :-

૧. શાહ સંયમ પ્રકાશભાઈ (શાહીબાગ) અમદાવાદ
૨. શાહ સમર્થ સમીરભાઈ (નાણાવટ) સુરત
૩. ગુઢકા હર્ષિલ રાજેશભાઈ જામનગર
૪. શાહ મીત ધરણેન્દ્રભાઈ (પ્રેરણાવિરાજ) અમદાવાદ
૫. વૃષ્ટિ સુનીલ ગાંધી (સુભાનપુરા) વડોદરા

પાંચે લકી વિજેતાઓને ઈનામ તેઓના સરનામે મોકલાવીશું

## સ્પર્ધા નં.:૫

બાળકો... અહીં આઠ પ્રશ્નો આપેલા છે તેના જવાબો તમારે નં-૫ની આ પુસ્તિકાના આધારે જ આપવાના છે. નીચેની સૂચનાઓ ધ્યાનમાં રાખવી.

### -: પ્રશ્નો :-

૧. "પહેલાં દેવ-ગુરુ-ધર્મ પછી રાજ્યનું કામકાજ" આવી અદ્ભુત શાસન નિષ્ઠા કોની હતી ?
૨. સહન કરવાથી કેવલજ્ઞાન કોને મળ્યું ?
૩. દેલવાડાનાં દેરાં કોની ચાતુરીથી બન્યાં ?
૪. "ધીરે ધીરે છોડવું તે તો નમાલાનું કામ" આ વાક્ય કોણ બોલે છે ?
૫. નિયમ વગરનું જીવન કોના જેવું છે ?
૬. સર્વ જીવોની પાસે કઈ દેવી રહે છે ?
૭. પોતાની ચામડીનાં પગરખાં બનાવી માતા-પિતાને પહેરાવવા કોણ તૈયાર છે ?
૮. ૪॥ વર્ષની ઉંમરે દીક્ષા લઈ શાસનના મહાન પ્રભાવક કોણ થયા ?

### -: સૂચનો :-

૧. જવાબો માત્ર પોસ્ટકાર્ડમાં જ લખવા તે સિવાય જવાબો માન્ય નહીં ગણાય.
૨. જવાબો માત્ર એક શબ્દમાં જ લખવાના છે.
૩. પોષ્ટકાર્ડમાં તમારું નામ, પૂરું સરનામું તથા સભ્ય નંબર અવશ્ય લખવો.
૪. સંપૂર્ણ સાચા જવાબ આપનારમાંથી પાંચ લકી વિજેતા નંબર આપવામાં આવશે. જે લકી વિજેતાનું નામ આગામી પુસ્તકમાં છાપવામાં આવશે તે ઈનામપાત્ર બનશે.
૫. જવાબો મોકલાવવાની છેલ્લી તા. ૨૪-૪-૦૯ રહેશે.

### -: જવાબ મોકલવાનું સરનામું :-

**પૂર્ણાનંદ પ્રકાશન, અમદાવાદ.**
**C/O. પ્રદિપભાઈ એસ. શાહ**
**કે/૩, વિવેકાનંદ ફ્લેટ્સ, જોધપુર ચાર રસ્તા, સેટેલાઈટ રોડ, અમદાવાદ-૧૫. ફોન : ૨૬૯૨૦૭૬૬**

## તું રંગાઈ જાને રંગમાં પ્રથમ વર્ષની ૧ થી ૪ પુસ્તિકાઓની વાર્ષિક પરીક્ષાના પ્રશ્નપત્રના યોગ્ય ઉત્તરો

૧. ગુરુ દર્શનથી ૨. નવકાર મંત્ર ૩. સંગમદેવ ૪. દુર્જનો ૬. સનત્કુમાર ૬. નરકનિગોદમાં ૭. ગુણસાર શ્રેષ્ઠી ૮. પારીણામિકી ૯. માનો વાત્સલ્યભાવ ૧૦. જગડુશા ૧૧. (અમરકુમાર) અઈમુત્તા ૧૨. અમરકુમાર ૧૩. દશવૈકાલિક ૧૪. ધન્નાકાકંદિ ૧૫. નીડરતા ૧૬. વસ્ત્રદાન ૧૭. રાજસિંહાસન ૧૮. કુરગડુમુનિ ૧૯. ગોવાળ ૨૦. ૧/૯ ૨૧. ૩/૧૬ ૨૨. ૧/૧૫ ૨૩. ૩/૪ ૨૪. ૨/૧૬ ૨૫. ૨/૬ ૨૬. ૪/૨ ૨૭. ૪/૧૦ ૨૮. શય્યંભવસૂરિ ૨૯. મૂલા શેઠાણી ૩૦. સંપ્રતિ મહારાજા ૩૧. રાજા મહારાજાઓ ૩૨. સંગમ ભરવાડ ૩૩. અમરકુમાર ૩૪. સનત્કુમાર ૩૫. રાજા ૩૬. ☒ ૩૭. ☑ ૩૮. ☒ ૩૯. ☒ ૪૦. ☑ ૪૧. ☑ ૪૨. ☑ ૪૩. ☒ ૪૪. ☑ ૪૫. બાહુબલી ૪૬. મેઘમુનિ ૪૭. શ્રેણીક મહારાજા ૪૮. બાહુબલી / ગામના દુષ્ટજનો ૪૯. શ્રેણીક મહારાજા ૫૦. રાણી રુકમણી

**પ્રથમ વિજેતા ૫ વિદ્યાર્થી - ૫૦ માર્ક / દ્વિતીય વિજેતા ૨૩ વિદ્યાર્થી - ૪૯ માર્ક / તૃતીય વિજેતા ૧૯ વિદ્યાર્થી - ૪૮ માર્ક**

**પ્રોત્સાહન વિજેતા ૨૫ વિદ્યાર્થી - ૪૭ માર્ક (દરેક નામ હવે પછીના અંકમાં આવશે.**

નાના બાળકોને જિનશાસનના રંગમાં રંગતું..

# તું રંગાઈ જાને રંગમાં

## (રંગપૂરણી ચિત્રવાર્તાઓ)

વર્ષ : ૨ | અંક : ૧ | સળંગ અંક : ૫

નાનાં બાળકોને જિનશાસનના ચમકતા સિતારાઓનો પરિચય કરાવતી આ રંગપૂરણી ચિત્રવાર્તાઓ બાળકમાં રહેલી કલાની વૃત્તિને જાગ્રત કરી બાળકને ધર્મના રંગે પણ રંગશે. બાળક પોતાની મન પસંદગીના રંગો ભરી ઘડી બે ઘડી માટે આ મહાપુરુષોના જીવનમાં ડૂબી જશે તથા રંગો ને કલા અંગેની સૂઝમાં પણ પ્રગતિ કરી શકશે.

: પ્રેરણા - માર્ગદર્શક :

પૂ. આચાર્યદેવશ્રી હેમચંદ્રસાગરસૂરીશ્વરજી મ.સા.ના શિષ્યરત્ન

**પૂજ્ય પંન્યાસ શ્રી નયચંદ્રસાગરજી મ.સા. ગણિવર્ય**

માનદ્ ચિત્રકાર : **પુષ્પેન્દ્ર શાહ**

: પ્રકાશક :

**પૂર્ણાનંદ પ્રકાશન, અમદાવાદ.**


C/o. પ્રદિપભાઈ એસ. શાહ

કે/3, વિવેકાનંદ ફલેટ્સ, જોધપુર ચાર રસ્તા, સેટેલાઈટ રોડ,

અમદાવાદ-૧૫. ફોન : ૨૬૯૨૦૭૬૬

કાયમી સૌજન્ય : **રીષભ ચીરાગકુમાર મહેતા**

૨, સ્વીનગર, સોસાયટી, સેટેલાઈટ, અમદાવાદ - ૩૮૦ ૦૧૫.



૧. નિયમનો પ્રભાવ

# નિયમનો પ્રભાવ

પુષ્પચૂલ રાજપુત્ર હોવા છતાં પ્રજાને બહુ રંજાડતો હતો તેથી લોકોએ તેનું નામ વંકચૂલ પાડેલું. વંકચૂલની વારંવારની ફરિયાદ આવવાથી રાજા પણ ત્રાસી ગયો હતો. ઘણો સમજાવવા છતાં દીકરો પોતાના સ્વભાવને છોડતો નથી છેવટે રાજાએ તેને દેશનિકાલ કર્યો. વંકચૂલ જંગલમાં ચાલતાં ચાલતાં ચોરોની પલ્લીમાં પહોંચ્યો. તેમની સાથે રહી ચોરી કરતાં શીખ્યો. બધા ચોરોએ તેને સરદાર તરીકે નીમ્યો.

એકવાર જંગલના રસ્તે એક સાધુ મહારાજ ભૂલા પડ્યા. ચાતુર્માસનો સમય હતો તેથી ચોરોના સ્થાનમાં ચાર મહિના રહેવા માટે રજા માંગી. વંકચૂલે... જગ્યા તો આપી પણ... કોઈ ધર્મનો ઉપદેશ... નિયમ નહીં આપવાની શરત કરી... ગુરુ મ. એ પણ ચાર મહિના મૌન રહી પોતાની આરાધના કરી.

ચાતુર્માસ પૂરું થયું... સાધુ મ.એ વિહાર શરૂ કર્યો. વંકચૂલ વળાવવા માટે જાય છે. પલ્લીની હદ પૂરી થતાં સાધુ મ. એ વંકચૂલને કહ્યું, ભાઈ ! તમારી હદમાં ઉપદેશ આપવાનો પ્રતિબંધ હતો 'હવે હદ પૂરી થતાં તે નિયમ પૂરો થાય છે' તેમ કહી માનવ ભવની મહત્તા સમજાવે છે. **નિયમ વગરનું જીવન પશુ જેવું છે. નાનો - મોટો કઈ પણ નિયમ આપણું કલ્યાણ કરે છે.** વંકચૂલ ગુરુ મ.નું વચન ટાળી શકતો નથી તેથી જિંદગીમાં ક્યારેય પ્રસંગ નહીં આવે અથવા કોઈ તકલીફ નહીં પડે તેમ માની ૪ નિયમ લે છે.

**૧. અજાણ્યું ફળ ખાવું નહીં.**
**૨. કાગડાનું માંસ ખાવું નહીં.**
**૩. કોઈને મારતાં પહેલાં ૭-૮ ડગલાં દૂર જઈ તલવારનો ઘા કરવો.**
**૪. પટ્ટરાણી જોડે દૂરવ્યંવહાર કરવો નહીં.**

આ ચારે નિયમો જીવનના અંત સુધી ટકાવવાનું કહી ગુરુ મ. એ વિદાય લીધી.

**નિયમમાં આપણી મક્કમતા જેટલી વધારે તેટલી કુદરત પરીક્ષા વહેલી કરે...** તે અનુસાર વંકચૂલની પરીક્ષા થવા લાગી.

૧. જંગલમાં ભૂલા પડ્યા. બધાને ભૂખ લાગી હતી. સુંદર ફળો મળ્યાં. બધાંએ ખાધાં. અજાણ્યાં ફળ હોવાથી વંકચૂલે ન ખાધાં. તે ઝેરી ફળો હતાં. વંકચૂલ સિવાય બધા મરી ગયા વંકચૂલ બચી ગયો. એ જોઈ વંકચૂલને ગુરુ મ. પ્રત્યે અહોભાવ થયો. મને ગુરુ મ.એ બચાવ્યો... જો નિયમ ન આપ્યો હોત તો આજે બધાની સાથે હું પણ મરી જાત...


૨. વંકચૂલ એકવાર બીમાર પડ્યો. વૈદ્યે તેને માટે કાગડાનું માંસ તૈયાર કર્યું. વંકચૂલને નિયમ યાદ આવ્યો... ખાવાની ના પાડી તેથી બીજાઓએ તેની મહેફિલ ઉડાવી... કાગડાને ચેપી રોગ થયો હતો... બધા રોગથી પરેશાન થયા. વંકચૂલને બીજીવાર ગુરુ મ.ના નિયમથી ફાયદો થયો.

૩. ત્રીજો નિયમ ૭-૮ ડગલાં દૂર જઈ તલવારનો ઘા કરવો. તેનાથી પોતાની બહેન અને પત્ની મરતાં બચી ગયાં.

૪. પટ્ટરાણી જોડે દુર્વ્યવહાર નહીં કરવાથી રાજાએ મુખ્યમંત્રી બનાવ્યો. આમ, ચારે સામાન્ય નિયમ હોવા છતાં તેનું દૃઢ પાલન કર્યું. તેના પ્રભાવે પોતે **૧. મૃત્યુના મુખમાંથી બચી ગયો. ૨. ચેપી રોગથી બચી ગયો. ૩. બહેન તથા પત્નીના જાન બચી ગયા. ૪. રાજાએ મંત્રીશ્વરની પદવી આપી.**

વંકચૂલે લૂંટ-ચોરીનો ધંધો છોડી દીધો. હવે સમજદારી આવી ગઈ હતી. ધર્મ અને નિયમનો પ્રભાવ જીવનમાં અનુભવ્યો... સભાન બની સાધુ-સંતોની સેવા અને પ્રજાજનોનું ધ્યાન રાખવામાં જ પોતાની બુદ્ધિ અને શક્તિનો ઉપયોગ કરવા લાગ્યો... બધા લોકોને પ્રિય થઈ ગયો...

બાળકો : **૧. આપણાં માતા-પિતા ગમે તેટલાં સજ્જન હોય પરંતુ આપણું વર્તન સારું ન હોય તો લોકો આપણને સારા ન કહે.**
**૨. મિત્ર બનાવતાં ધ્યાન રાખવું. ચોરી કરતા હોય, જૂઠું બોલતા હોય-અપશબ્દો બોલતા હોય તેની ક્યારેય મિત્રતા કરવી નહીં. વંકચૂલ ચોરો સાથે રહી ચોરી કરવા લાગ્યો.**
**૩. ગુરુ મ. પાસે લીધેલો નાનો પણ નિયમ મક્કમ બની પાલન કરે તો તે ફાયદો કરે જ.**



૨. રાજા કોને નમ્યો ?

# રાજા કોને નમ્યો ?

ઉજ્જૈન નામનું નગર હતું. ત્યાંના રાજાનું નામ વિક્રમાદિત્ય હતું. રાજા ઉદાર, પર દુઃખભંજક અને ન્યાયપ્રિય હતો. રાજા એકવાર ફરવા નીકળ્યો. ફરતાં ફરતાં બહુ દૂર અરણ્યપ્રદેશમાં પહોંચી ગયો. તેને એક જગ્યાએ એકદમ પ્રકાશ - પ્રકાશ થતો દેખાયો, સૂર્ય કરતાં પણ વધારે તેજસ્વી પ્રકાશ હતો. પ્રકાશમાં ધારીને જોયું તો ચાર દેવીઓ દેખાઈ હતી. ચાર દેવીઓને જોઈને રાજાએ હરખભેર નમસ્કાર કર્યા. રાજાએ કરેલો નમસ્કાર જોઈ ચાર દેવીઓ એકબીજીને કહેવા લાગી કે "વિક્રમ રાજા મને નમ્યો હતો." આમ અંદરોઅંદર દેવીઓ ઝગડવા માંડી. છેવટે ચારે દેવીઓએ નક્કી કર્યું કે "આપણે રાજાને જ પૂછીએ કે તેં કોને નમન કર્યું છે ?"

પહેલાં લક્ષ્મીદેવીએ રાજાની પાસે આવીને કહ્યું કે "હે ! રાજા ! તું મને જ નમ્યો હશે, કારણ કે મારા કારણે તારા રાજયમાં ધન-વૈભવની રેલમછેલ છે, તેનાથી તારું રાજય નભે છે. મૂંગો, આળસુ હોય તેને પણ મારા પ્રભાવથી માન મળે છે." ત્યારે વિક્રમ મહારાજાએ કહ્યું, "હે દેવી, તમારી બધી વાત સાચી પણ **તમે જ્યાં હો ત્યાં પાપનાં પોટલાં બંધાય છે,** તમે માત્ર ધનવાનના ત્યાં જ રહો છો વળી તમે તો ચંચળ છો. ક્યારે ચાલ્યા જાઓ તેની ખબર ન પડે તેથી હું તમને નમ્યો નથી." લક્ષ્મી દેવી નિરાશ થઈ પાછાં ગયાં.

હવે સરસ્વતી દેવી રાજા પાસે આવીને રાજાને કહે છે કે "હે રાજા ! તમે તો મને જ નમ્યા હશો, કારણ કે હું તમારી સભામાં પંડિતોને સ્થાન અને માન આપું છું. મારા કારણે મૂરખ પણ બુદ્ધિશાળી બની જગતપૂજ્ય બને છે." ત્યારે વિક્રમાદિત્યએ કહ્યું, "તમારી વાત સાચી છે પણ તમે તો પંડિત, વિદ્વાનના ત્યાં જ રહો છો. તમારી પૂરી સંભાળ લેવાય તો જ તમે સ્થિર રહો છો. **જો રોજ તમારો સ્વાધ્યાય ન થાય તો તમે રિસાઈ ચાલ્યાં જાઓ છો.** પંડિતને પણ મૂરખ બનાવો છો. તેથી હું તમને નથી નમ્યો." સરસ્વતી દેવી પણ નિરાશ થઈ પાછાં ગયાં.


હવે કીર્તિદેવીએ રાજાની સામે આવીને કહ્યું કે, "હે રાજા, તમે તો નિશ્ચે મને જ નમસ્કાર કર્યા હશે, કારણ કે તમે કીર્તિ માટે જ લોકોનાં દુઃખ કાપો છો. તમે રાજસભામાં સરસ્વતીને સ્થાન કીર્તિ માટે જ આપ્યું છે. માણસો કીર્તિ માટે જ લક્ષ્મી એકઠી કરે છે." ત્યારે વિક્રમાદિત્ય બોલ્યા કે, "હે દેવી તમારી વાત સાચી પણ તમે તો પરાધીન છો. તમારું સ્વતંત્ર અસ્તિત્વ જ નથી. **લક્ષ્મી અને સરસ્વતી બે હોય તો જ તમને રહેવાનું ગમે, નહીં તો અપમાન કરાવી ચાલ્યાં જાઓ.** માટે હું તમને નથી નમ્યો." કીર્તિ દેવી પણ નિરાશ થતાં પોતાના સ્થાને જતાં રહ્યાં.

હવે ખુશ થતાં આશા દેવી આવીને બોલ્યાં કે, "હે રાજા, તું તો મને જ નમ્યો હોઈશ, કારણ કે મારા કારણે જ દુનિયા જીવે છે લોકોને લક્ષ્મી, જ્ઞાન અને કીર્તિ મેળવવાની આશા મારા કારણે જ થાય છે. હું છું તો બધું છે, હું નથી તો કાંઈ નથી." ત્યારે વિક્રમાદિત્યએ કહ્યું કે મહાદેવી તમે કહ્યું તે ખરેખર સત્ય છે. હું તમને જ નમ્યો છું. કારણ કે તમે ના હોત તો દુનિયા લક્ષ્મી, જ્ઞાન અને કીર્તિ મેળવી જ ન શકે, **હે મહાદેવી ! તમો નાના - મોટાના ભેદભાવ છોડીને સર્વ જીવોની પાસે રહો છો...** તમારું આગમન થાય પછી જ લક્ષ્મી, જ્ઞાન, કીર્તિ આવે છે. તમે ન હોવ તો કાંઈ જ નથી, માટે હું તમને જ નમ્યો છું.

બાળકો : **૧. ક્યારેય નિરાશ થવું નહી, નિરાશા પુરુષાર્થ - ઉત્સાહને ખતમ કરે છે.**

**૨. આશા શુભ અને ઊંચી રાખી મહેનત-પુરુષાર્થ કરતા જ રહેવું, સફળતા મળશે જ...**

**૩. સદાચારી, સંસ્કારી, વિનયી, વિવેકી બનવા તીવ્ર આશા (સંકલ્પ) કરી પ્રયત્ન કરશો.**



૩. માતૃ-પિતૃ ભક્ત શ્રવણ

# માતૃ-પિતૃ ભક્ત શ્રવણ

એક ગામમાં એક બ્રાહ્મણ કુટુંબ હતું. કુટુંબ ગરીબ હતું. કુટુંબમાં ત્રણ સભ્ય હતા. મા-બાપ અને તેમનો છોકરો. .શ્રવણનાં મા-બાપ અંધ હતાં તેમાં પણ વળી તેમને વૃદ્ધત્વ આવ્યું હતું.

એમના જીવનની લાકડી ગણો કે ટેકો ગણો એ માત્ર શ્રવણ જ હતો. શ્રવણ મા-બાપની ભક્તિ કરવામાં જરાયે કસર રાખતો ન હતો. શ્રવણ માતૃ-પિતૃભક્ત હતો. વિનયી, વિવેકી, ગુણવાન હતો. મા-બાપના પડતા બોલને ઝીલનારો હતો. એના હૃદયમાં **મા-બાપનો પ્રેમ ખરેખર રગે-રગમાં વસેલો** હતો.

ઘણા વખતથી શ્રવણનાં મા-બાપને અડસઠ તીર્થની યાત્રા કરવાની ઇચ્છા હતી. પણ ગરીબાઈ અને અંધાપાના કારણે પૂરી થઈ ન હતી. તેમાં પણ તેમને વૃદ્ધત્વ આવ્યું હતું. એટલે તેમના માટે તીર્થ જાત્રા કરવાની વાત એ પરીકથા જેવી થઈ ગઈ હતી. તેમના મનમાં સદાય અજંપો રહ્યા કરતો હતો. તેથી મોં ઉપર ઉદાસીનતા હતી.

એકવાર શ્રવણે માતા-પિતાને પૂછ્યું કે હે માતા-પિતા ! સૂર્યના આગમનથી ચંદ્ર વિકાસી કમળ કરમાઈ જાય તેમ તમારું મુખકમળ કેમ કરમાઈ ગયું છે ? તમે મને કહો હું તમારી ઇચ્છા પૂરી કરીશ, તમે કહેશો તો મારી ચામડીનાં પણ પગરખાં બનાવી તમને આપીશ તેથી હે માતા-પિતા તમારા દુઃખનું કારણ મને જણાવો.

ત્યારે માતા-પિતાએ શ્રવણને કહ્યું હે માતૃ-પિતૃ ભક્ત ! તેં અત્યાર સુધી અમારી બધી જ ઇચ્છાઓ પૂરી કરી છે પણ અમારી ઘણા સમયથી ૬૮ તીર્થની જાત્રા કરવાની ઇચ્છા હતી. પૈસાના અભાવે તે ઇચ્છા પૂરી થઈ ન શકવાથી આજે અમે નિરાશ બની ગયાં છીએ. તારી પાસે પણ પૈસા નથી તો તું પણ શું કરી શકે ? તેથી અમોએ તને ક્યારેય વાત કરી નથી.


માતા-પિતાની વાત સાંભળી શ્રવણ દુઃખી થઈ ગયો. **મા-બાપની એક પણ ઇચ્છા અધૂરી રહે તે શ્રવણને મંજૂર ન હતું.** પોતાની પાસે પણ પૈસા નથી તો શું કરવું ? એમ વિચારતાં શ્રવણને ઉપાય મળી ગયો. ભૂખ્યાને ભોજન અને તરસ્યાને પાણી મળતાં આનંદ થાય તેવો આનંદ શ્રવણને થયો, જાણે મા-બાપની અમૂલી સેવા કરવાનો મોકો મળી ગયો... પૈસાથી નહીં પણ જાતે જ મા-બાપને ઊંચકી યાત્રા કરાવવાની તૈયારી કરી. શ્રવણે મા-બાપને બેસાડવા બે બાજુ ટોપલા અને વચ્ચે દંડો નાખી કાવડ તૈયાર કરી. માતા-પિતાને વિનંતી કરી કાવડની એક બાજુ માને અને બીજી બાજુ બાપુજીને બેસાડી કાવડ ખભે મૂકી ભગવવાનનું નામ લેતાં લેતાં શ્રવણ ચાલવા લાગ્યો... **નથી તેને ભાર લાગતો, નથી તેને થાક લાગતો... નથી તેને શરમ આવતી... મા-બાપને યાત્રા કરાવવાનો ઉત્સાહ છે... આનંદ છે... થાક કે શરમ હોય ક્યાંથી ?**

માતા-પિતાનો પણ ૬૮ તીર્થની યાત્રાની વાતથી મનમયૂર નાચી ઊઠ્યો. ઉદાસીનતા ચાલી ગઈ. ખુશખુશ થઈ ગયાં. દીકરા ઉપર ખૂબ ખૂબ હેત ઊભરાઈ આવ્યું. વિચારે છે કે **દીકરા હોય તો આવા હોજો...**

શ્રવણ પણ ૬૮ તીરથની યાત્રા કરાવવાની ભાવનાથી ગામે-ગામ આગળ વધી રહ્યો છે. તીરથ આવતાં માતા-પિતાને ભાવથી યાત્રા કરાવે છે.

ગામે ગામે હજારો લોકો પણ શ્રવણની માતા-પિતાની ભક્તિને વંદન કરે છે.

બાળકો :
૧. **શ્રવણની જેમ વૃદ્ધ મા-બાપની લાકડી બનીને રહેજો.**
૨. **મા-બાપની એક પણ ઇચ્છા અધૂરી રહે તો દુઃખી થઈ જાય તે દીકરો કહેવાય.**
૩. **માતા-પિતાને ખભે ઊંચકીને શ્રવણ યાત્રા કરાવે છે. તમો મા-બાપ (પપ્પા-મમ્મી)ની સેવા કેવી રીતે કરશો ?**
૪. **માત-પિતાની ગમે તે પ્રકારની સેવામાં શરમ ન લગાડતા.**



૪. બાક કેમ રડતો હતો ?

# બાળક કેમ રડતો હતો ?

હાશ ! આજે શાંતિ થઈ, છ મહિનાથી રોજ સંભળાતો રડવાનો અવાજ આજે બંધ થયો. આજે એકદમ શાંતિ થઈ ગઈ. એક મોટી ઉપાધિમાંથી છૂટી.

વાત છે ૨૪૦૦ વર્ષ પૂર્વેની. માળવા દેશમાં તુંબવન ગામમાં સુનંદાના ઘરે બનેલી આ ઘટના છે. સુનંદાએ બત્રીસ લક્ષણ યુક્ત પુત્રને જન્મ આપ્યો હતો. પુત્ર જન્મથી ખૂબ ખુશ હતી, પણ પુત્રનો જન્મ મહોત્સવ ન કરી શકવાના કારણે હૈયામાં ભારોભાર દુઃખી હતી. સુનંદાના પતિનું નામ હતું ધનગીરી. આ ધનગીરીએ થોડા દિવસો પહેલાં જ જૈન દીક્ષા લીધી હતી. **"સંસારના શણગારોનો ત્યાગ કરી અણગાર બની ગયા હતા."** જેના કારણે પુત્રનો જન્મોત્સવ ન થઈ શક્યો. એ એક જ દુઃખના કારણે પુત્ર જન્મનો આનંદ નિરાનંદ બની ગયો હતો. આશાઓ ઉપર નિરાશાનાં વાદળ ફરી વળ્યાં હતાં.

આ સમયે સુનંદાના મુખમાંથી શબ્દો સરી પડ્યા છે. "તારા પિતાએ દીક્ષા ન લીધી હોત તો આજે જરૂર તારા જન્મનો મોટો ઉત્સવ કરાવત."

બસ "દીક્ષા" શબ્દ સાંભળતાં જ બાળક રડવા માંડ્યો. લોકો એને રમાડે છે છતાં રમતો નથી, શાંત થતો નથી. હસાવવાની કોશિશ કરે છે પણ હસતો નથી. રાત અને દિવસ રડ્યા કરે છે. એ રડવાની પાછળ કારણ હતું "દીક્ષાનું".

માતાના મુખમાંથી "દીક્ષા" શબ્દ સાંભળતાં બાળકને જાતિસ્મરણ જ્ઞાન થયું. બાળકને પોતાનો પૂર્વ ભવ દેખાયો-પૂર્વ ભવમાં જોયું કે પોતે જિન શાસનના અણગાર હતા. સાધુ હતા, આથી બાળકને દીક્ષા લેવાની ઇચ્છા થઈ. પૂર્વભવમાં સંયમ **લીધો હોય-દીક્ષા સારી પાળી હોય તો જ નાની ઉંમરમાં દીક્ષા લેવાની ઇચ્છા થાય.** પણ... પણ... બાળકને દીક્ષાની રજા મા આપે કેવી રીતે ? પૂર્વભવનું જ્ઞાન અને સમજણ હતી તેથી વિચારે છે કે મા કંટાળશે તો જ દીક્ષા આપશે તેથી બાળકે રડવાનું ચાલુ કર્યું. આમ ને આમ છ-છ મહિના વીતી ગયા પણ બાળક શાંત થતો નથી. માતા-આડોશી-પાડોશી બધા એને ખુશ રાખવા પ્રયત્ન છે, સમજાવવા મહેનત કરે છે પણ બાળક હસતો નથી-શાંત થતો નથી. બધા બાળકથી કંટાળી ગયા છે. જગતનો નિયમ છે કે કહ્યા પ્રમાણે કરે **"હસતો રહે તો સૌને ગમે, રોતડ કોઈને ન ગમે"**તેમ હવે આ બાળક માતાને નથી ગમતો, આડોશી-પાડોશી કોઈને પણ ગમતો નથી. બધા ત્રાસી ગયા છે

આ બાજુ ધનગીરી મુનિ પોતાના ગુરુ સાથે વિહાર કરતા તુંબવન ગામમાં પધાર્યા. ગોચરીનો સમય થતાં ગુરુ મહારાજની આજ્ઞા લેવા જાય છે કે "ભગવંત ! હું ગોચરી વહોરવા જાઉં છું." ત્યારે ગુરુ મહારાજ કહે છે કે "વત્સ ! સચિત્ત કે અચિત્ત જે મળે તે" લેતો આવજે". ધનગીરી ગુરુ મહારાજની આજ્ઞાને શિરોધાર્ય કરી "તહત્તિ" કહે છે.

ધનગીરી ગોચરી વહોરતા-વહોરતા પોતાના સંસારી ઘરે ગોચરી માટે આવે છે ત્યારે સુનંદા કહે છે કે "તમે તો સંસારમાંથી જતા રહ્યા પણ આ બલા મૂકતા ગયા છો. આખો દિવસ આ બાળક રડ્યા કરે છે. હું તો કંટાળી ગઈ છું. આને તમે લઈ જાઓ." ધનગીરી મુનિને ગુરુ મહારાજનું વચન યાદ આવે છે કે સચિત્ત કે અચિત્ત જે મળે તે લઈ આવજો અને ધનગીરીમુનિ નાના બાળકને વહોરી લે છે.

બાળકને જેવો વહોરાવ્યો કે તુરત જ રડતો બંધ થઈ ગયો. બાળકને લઈ ધનગીરીમુનિ ઉપાશ્રયે આવે છે. ઝોળીમાં બાળક તો બહુ જ નાનો હતો. **માત્ર છ મહિનાનો જ પણ તેનું વજન ઘણું હતું. વજ્ર (લોખંડ) જેવો ભારે હતો તેથી ગુરુ મહારાજ તેનું નામ "વજ્રકુમાર" રાખે છે.** વજ્ર ગુરુ મહારાજની સાથે રહે છે... માતાને યાદ પણ નથી કરતો. ૪॥ **વર્ષની ઉંમરે દીક્ષા લે છે... અને આગળ જતાં શાસનના મહા પ્રભાવક "આચાર્ય વજ્રસ્વામી" બને છે.**


ધન્ય છે એ વજ્રકુમારને...

બાળકો : ૧. **પૂર્વભવમાં આરાધના કરી હોય તો જ ધર્મ કરવાની - દીક્ષા લેવાની ઇચ્છા થાય.**

૨. **માતા-પિતાને છોડી સાધુ મહારાજ પાસે રહેવાનું તેને જ ફાવે કે જેને પૂર્વભવની આરાધના, સંસ્કારો હોય.**

૩. **નાની ઉંમરમાં દીક્ષા લીધી હોય તો જ શાસનપ્રભાવક બની શકે...**

૪. **નાનો વજ્ર રડતો હતો, શા માટે ? તમો પણ રડો છો ને ? શા માટે ?**



૫. પ્રભુભક્તિની ગજબ છે શક્તિ

# પ્રભુભક્તિની ગજબ છે શક્તિ

પેથડશાહ માંડવગઢના મહામંત્રી હતા. સમગ્ર રાજ્યની ચિંતા તેમના માથે હતી. છતાં તેઓને જિનશાસનની ખુમારી હતી. હું જૈન છું તેનું ગૌરવ હતું. જ્યારે રાજાએ પેથડશાહને મંત્રીપદ આપ્યું ત્યારે પેથડશાહે રાજાને સ્પષ્ટ કહ્યું કે રાજાજી, આપના રાજ્યનું બધું જ કામકાજ કરીશ પરંતુ પહેલાં તો દેવ-ગુરૂ-ધર્મ પછી રાજ્યનું કામ-કાજ"..... કેવી.. અદ્‌ભુત શાસનની નિષ્ઠા !

મંત્રીશ્વર નિયમિત પ્રભુભક્તિ પણ અદ્‌ભુત કરે. દેરાસરે પૂજા માટે જાય ત્યારે દેરાસરની બહાર ચોકીદાર બેસાડે, મને બોલાવવા કોઈ અંદર આવે તો તેને અંદર આવવા ન દેવો. પ્રભુ પૂજામાં ખલેલ ન પડે, ભક્તિની ભાવના ડહોળાય નહીં તે માટેની કેવી ઉત્તમ વ્યવસ્થા !

એકવાર રાજાને સમાચાર મળ્યા કે દુશ્મનનું મોટું સૈન્ય પૂરી તૈયારી સાથે આક્રમણ કરવા આવી ગયું છે. રાજા આ વાતથી ગભરાયા. જલદીથી મહામંત્રી પેથડશાહને બોલાવવા માણસ મોકલ્યો, પેથડશાહનો તો તે સમય પૂજાનો હતો. પેથડશાહ દેરાસરમાં હતા. રાજપુરુષ દેરાસરે જાય છે. પરંતુ ચોકીદારે કહ્યું. "ભાઈ, અત્યારે પેથડશાહ નહીં મળે. અત્યારે તો તેમનો પૂજાનો સમય છે. ભલે રાજાનો સંદેશો હોય પણ તેમના માટે ભગવાન કરતાં કોઈ મોટું નથી".

રાજપુરુષ પાછા જાય છે. રાજાને સમાચાર આપ્યા. રાજા વિચારે છે કે મંત્રીશ્વર આવીને યુદ્ધની તૈયારી નહીં કરે તો રાજ્ય ચાલ્યું જશે. એવી રીતે કેવી ભક્તિ કરે છે, હું પોતે જ જઈને વાત કરું પછી તો સાંભળશેને ?

રાજા સ્વયં દેરાસરે જાય છે. ચોકીદારને પૂછે છે પેથડશાહ ક્યાં છે ? મારે વાત કરવી છે બોલાવ"... ચોકીદાર... "રાજાજી ! મંત્રીશ્વરનો હુકમ છે કે હું દેરાસરમાં પ્રવેશ કરું પછી મને કોઈપણ મળવા આવે તો પ્રવેશ આપવો નહીં. આ પ્રભુજીનું જિનાલય છે. પ્રભુને મળવાનું સ્થાન છે. પેથડશાહને મળવાનું સ્થાન નથી," ખુદ મહારાજા મહામંત્રીને મળવા પધારે તો પણ ના જ પાડે છે.

રાજા વિચારે છે. પેથડ કેવી ભક્તિ કરતો હશે. અહીં સુધી આવ્યો છું તો ભગવાન અને ભગવાનની ભક્તિ જોઈને જાઉં...

રાજા - "ચોકીદાર ! મારે ભગવાનનાં દર્શન કરવા જવું છે. જવાશે ?"

"હા, પધારો મહારાજા પ્રભુદર્શન માટે તો દરવાજા ખુલ્લા જ છે."

રાજા જિનાલયમાં જાય છે. પેથડશાહ પ્રભુમાં એકાકાર બની પુષ્પ પૂજા કરી રહ્યા છે. માળી ૧-૧ ફૂલ પેથડને આપતો જાય અને પેથડ તે ફૂલ ચઢાવી આંગી રચતો જાય. પેથડની કેવી અદ્‌ભુત ભક્તિ ! સતત પ્રભુની સાથે નયન સ્થિર થયાં છે. માળી ફૂલ આપે છે તે ફૂલ લેવા માટે પણ પથડશાહ જોતા નથી.

રાજાના મનમાં થાય છે ધન્ય પેથડશાહ ! ધન્ય ભક્તિ ! આવા પ્રભુભક્ત મંત્રીશ્વર મને મળ્યા છે. મારું અહોભાગ્ય છે.

**પ્રભુની ભક્તિ મનની પ્રસન્નતા આપે જ છે. બીજા દ્વારા થતી જોવાથી પણ મન પ્રસન્ન બને છે. ખુશ થાય છે. ટેન્શન મુક્ત બને છે. એ** ભક્તિનો પ્રત્યક્ષ અનુભવ રાજાને થાય છે.

રાજાએ માળીને ઈશારાથી દૂર બેસાડયો અને પેથડશાહને ફૂલ આપવાનું કામ રાજાએ શરૂ કર્યું. પેથડશાહની જોડે રાજા પણ પ્રભુભક્તિમાં જોડાયા. ફૂલ આપવાની રોજની પદ્ધતિમાં તથા ક્રમમાં પેથડશાહને ગરબડ લાગી. ફૂલની આંગી જામી નહીં. પેથડશાહે પાછળ જોયું તો રાજા સ્વયં ફૂલ આપી રહ્યા છે. પ્રભુભક્તિમાં વચ્ચે કાંઈ જ બોલ્યા નહીં.

સંપૂર્ણ પૂજા ભક્તિ પતાવી. પેથડશાહ દેરાસરની બહાર આવ્યા ત્યારે રાજાએ કહ્યું. ''મંત્રીશ્વર ! દુશ્મન રાજા મોટું સૈન્ય લઈ આવી ગયો છે. સુરક્ષા અને સામનાનો કોઈ બંદોબસ્ત કર્યો છે કે નહીં ? આખું રાજ્ય ચાલ્યું જશે.''

પેથડશાહ કહે ''મહારાજા ! આપ નિશ્ચિંત રહો. **પ્રભુભક્તિ તમોએ કરી છે, આ શુકન છે. કોઈ ચિંતા ન કરો, સારું જ થશે.** બંદોબસ્ત થઈ જશે.

આવી વાત કરતા જ હતા અને ત્યાં જ ગુપ્તચરે આવી સમાચાર આપ્યા કે ''જે રાજા સૈન્ય લઈ આવેલ તે ગમે તે કારણે પાછો ફર્યો છે. કારણ માટે તપાસ કરી પરંતુ કોઈ કારણ મળ્યું નહીં છતાં નગર ઉપરની આપત્તિ ટળી ગઈ છે.''

રાજા વાત સાંભળી આશ્ચર્યચકિત થઈ ગયા. પ્રભુ પ્રત્યે અત્યંત બહુમાન થયું. જિનશાસનની ખૂબ જ પ્રભાવના કરી.

બાળકો : **૧. કયાંય પણ જાઓ તો જૈન છું તેની ખુમારી રાખો.**

**૨. દેરાસરમાં પ્રભુ સિવાય બધું જ ભૂલી જાવ.**

**૩. પ્રભુભક્તિ-ધર્મક્રિયાઓમાં આપણે તન્મય બન્યા હોઈએ તો બીજાને ધર્મ કરવાની ઈચ્છા-રૂચિ જાગે.**

**૪. પ્રભુભક્તિમાં જેટલી એકાગ્રતા વધારે તેટલી મનની પ્રસન્નતા વધારે. તમો પણ એકાગ્ર બની પ્રભુભક્તિ કરશો.**



૬. મુરતિયો બન્યો કેવલી

# મુરતિયો બન્યો કેવલી

શરણાઈના સૂરો અને નગારાના નાદ આકાશમાં ગુંજી રહ્યા છે. લગ્નના મંડપ બંધાઈ ગયા છે, શ્રી ગણેશની સ્થાપના પણ થઈ ગઈ છે.

સાંજના સમયે મુરતિયો તથા તેના મિત્રો સાથે ફરવા નીકળ્યા છે. બધા યુવાનીના મદમાં મસ્ત છે ! એકબીજાની મશ્કરી કરતાં કરતાં નગરની બહારના ઉપવનમાં પહોંચી ગયા. અલક મલકની વાતો કરતા તથા એકબીજાની હાંસી ઉડાવતા હતા.

આ ઉપવનમાં સાધુ ભગવંતોએ પોતાનો મુકામ કર્યો હતો, સાથે આચાર્ય ભગવંત પણ હતા. નામ તો બીજું હતું. પણ વારંવાર ભારે ગુસ્સો થવાથી તેમનું નામ ચંડરૂદ્રાચાર્ય પડી ગયું હતું. **પોતાને ફોગટનો ગુસ્સો આવે છે, ગુસ્સાથી કર્મ બંધાય છે આ વાત પોતે સમજતા હતા.** પરંતુ ગુસ્સા ઉપર કાબૂ આવી શક્તો ન હતો. તેથી ક્રોધના નિમિત્તોથી દૂર રહેતા હતા. રોજ એકાંતમાં જ બેસતા હતા. જેથી કોઈ બોલાવે નહીં અને ગુસ્સો આવે નહિ.

આજે પણ તેઓ બગીચાની એકબાજુ ખૂણામાં ઝાડ નીચે શુદ્ધ જગ્યામાં બેઠા હતા અને સ્વાધ્યાય ધ્યાન કરી રહ્યા હતા. ભાગ્યયોગે બધાય યુવાનો એ બાજુ આવી ચડ્યા. સાધુ ભ.ને જોઈ વંદન કર્યું અને મુરતિયાની મશ્કરી કરતાં બોલ્યા. લો...લો... તમારા માટે નવો શિષ્ય લાવ્યા છીએ. આચાર્ય મ. સમજી ગયા કે ''મારી મશ્કરી કરે છે.'' હાથે મીંઢળ બાંધ્યું છે કપડાં પીઠીવાળાં છે. લગ્નની તૈયારી લાગે છે. બધા મજાકના મદે ચઢ્યા છે અને મારી મશ્કરી કરે છે એ વિચારોથી સ્વભાવમાં પડેલો ક્રોધ ભભૂકી ઊઠ્યો. આચાર્ય મ.એ ગુસ્સામાં પૂછ્યું, કોને દીક્ષા લેવી છે ? બધાએ મુરતિયાને આગળ કર્યો. આચાર્ય મ.એ તેને બાવડામાંથી પકડી પગ વચ્ચે માથું દબાવી ખચાખચ વાળ ખેંચવા લાગ્યા પેલો... ના... ના... કહે પણ જોત જોતામાં તો આખો લોચ કરી વેશ બદલાવી દીધો. પછી ગુસ્સો શાંત થયો.

''**મુરતિયામાંથી મુનિ બન્યા**'' અને વિચારો બદલાયા. શુભ વિચારો શરૂ થયા. કેવુ મારું અહોભાગ્ય ! લગ્ન કરવા જતાં દીક્ષા મળી ગઈ. ગુરુદેવે બહુ મોટો ઉપકાર કર્યો છે. પથરા લેવા જતાં મહામૂલ્ય રત્ન હાથમાં આવી ગયું છે. હવે શા માટે છોડું ? સાથેના મિત્રો ગભરાઈને ભાગી ગયા છે. ઘરે જઈને સમાચાર આપશે કે તુરંત પરિવારજનો આવી પહોંચશે અને તોફાન કરી પાછો લઈ જશે.''

નૂતન મુનિએ કહ્યું. "ગુરુદેવ ! હમણાં સ્વજનો આવશે. ધમાલ કરશે. આપણે અહીંથી વિહાર કરવો જ પડશે. આપ અશક્ત હો તો મારા ખભા ઊંપર બેસી જાઓ. આપે મારી ઉપર ઉપકાર કર્યો છે હવે મારે દીક્ષા છોડવી નથી".

રાત્રીનો સમય થઈ ગયો હતો. વિહાર વિના ચાલે તેમ નથી. ગુરુદેવને ખભા ઉપર બેસાડી વિહાર શરૂ કર્યો. અંધારામાં ખાડા ટેકરા આવે તેથી પગ આડો અવળો પડે છે અને ગુરુદેવને આંચકા આવે છે. ગુરુ મહારાજ આંચકા સહન કરી શકતા નથી તેથી ગુસ્સો આવે છે. માથામાં ડંડો મારતા જાય અને બોલતા જાય "જોતો નથી, હેરાન કરે છે, જોઈને ચાલ, પહેલે દિવસે જ જંગલમાં રખડતો કર્યો. ધિક્કાર છે આવા ચેલાને." જોર જોરથી દંડા મારવાથી શિષ્યના મસ્તકમાં ઘણા ઘા પડ્યા. તેમાંથી લોહીની ધારાઓ વહેવા માંડી. કપડાં પણ લોહી લોહી થઈ ગયાં પરંતુ શિષ્યના મનોભાવમાં ક્યાંય ઘા પડતો નથી. નૂતન મુનિ વિચારે છે. **આ ગુરુ કેવા ઉપકારી છે. મને તારી દીધો. હું કેવો અધમ છું. પહેલા જ દિવસે ગુરુદેવને પરેશાન કરી** રહ્યો છું.

મને દીક્ષા આપી સંસારની ખાઈમાં પડતો બચાવ્યો. મારી સંયમની સુરક્ષા ખાતર તેઓ રાત્રે વિહાર કરી રહ્યા છે. આટલી ઉંમરે આ પહેલી જ વાર રાત્રે વિહાર કરતા હશે. મારા માટે કેટલી બધી તકલીફ ગુરૂદેવને પડે છે. આ ઉપકારનો બદલો શેં વાળીશ ?

**હે પ્રભુ ! મને ભવોભવ આવા ઉપકારી ગુરૂદેવનું શરણું મળજો.** આવા શુભ વિચારોમાં નૂતનમુનિ ખભે ક્રોધી ગુરૂને બેસાડી ચાલી રહ્યા છે. શુભ ધ્યાનથી મુનિ શ્રેણી માંડે છે. સર્વકર્મનો ક્ષય કરી કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે.

થોડી વારે ગુરૂ મ. પાછા બોલવા લાગ્યા. કેમ ? **''લાતો કે દેવ બાતો સે નહીં માનતે'' દંડા પડ્યા એટલે સીધો ચાલે છે.** પહેલાંથી જોઈને ચાલતો હોત તો ખાડા ટેકરામાં હું હેરાન તો ન થાત. **કેમ ભાઈ દંડા ખાઈ હવે પથરા દેખાય છે ને ?**

નૂતન મુનિ કહે છે. ''હા ગુરૂદેવ, આપની કૃપાથી પથરા સ્પષ્ટ દેખાય છે હવે, આપને તકલીફ નહીં પડે.''

પથરા સ્પષ્ટ દેખાય છે. શબ્દ સાંભળી ગુરૂ ચોંકી બોલ્યા. ''અલ્યા, ઘોર અંધકારમાં પથરા સ્પષ્ટ દેખાય છે ?'' "હા, ગુરૂદેવ આપની કૃપાથી " ''અલ્યા, ભયંકર અંધકારમાં પથરા કેવી રીતે દેખાય ?'' ''ગુરૂદેવ આપની કૃપાથી જ્ઞાન બળે, પથરા, કાંટા બધું દેખાય છે. હવે આપને કોઈ જ તકલીફ નહીં આવે.''

ગુરૂ આશ્ચર્યપૂર્વક એકદમ પૂછે છે જ્ઞાનથી દેખાય છે ? કયું જ્ઞાન ? પ્રતિપાતિ કે અપ્રતિપાતિ (કેવલજ્ઞાન) ?


ગુરૂદેવ ! આપની કૃપાથી અપ્રતિપાતિ જ્ઞાનથી દેખાય છે ! આ સાંભળતાં જ ગુરૂદેવ ચમક્યા અને તુરત જ નીચે ઊતર્યા. આ સમભાવી શિષ્યને તો કેવલજ્ઞાન થઈ ગયું છે. ખરેખર મેં કેવલીની આશાતના કરી છે. **ભારે પ્રશ્ચાત્તાપ સાથે કેવલીને ખમાવે છે. ક્ષમાપના અને પશ્ચાત્તાપના ભાવમાં ઊંડા ઊતરી વિચારે છે. મારી જાતને ધિક્કાર છે. લોચ કરેલા માથામાં મેં દંડા માર્યા, લોહીલુહાણ થઈ ગયા છતાં આ નવા મુનિનો કેવો સમભાવ ?''** ''હું કેટલાં વર્ષથી સંયમ પાળું છું... આચાર્ય બની ગયો છતાં ક્રોધ શાંત ન કર્યો, હજુ સમભાવ ન આવ્યો... ધિક્કાર છે મને'' આમ કરતાં કરતાં ગુરૂને પશ્ચાત્તાપના ભાવમાં કર્મો ખપી જાય છે અને ક્રોધી ગુરૂને પણ કેવલજ્ઞાનનો પ્રકાશ થાય છે. ધન્ય ગુરૂ ! ધન્ય શિષ્ય !

બાળકો : **૧. ગુસ્સો ક્યારેય કરતા નહીં. બહુ ગુસ્સો થતો હોય તો દૂર થઈ જવું. મૌન રાખવું.**

**૨. કોઈ પણ નાના મોટાની મશ્કરી કરવી નહીં. મશ્કરી ક્યારેક ભારે પણ પડી જાય.**

**૩. સહનશીલતા કેળવો તેનાથી લાભ તો થશે જ.**

**૪. ભૂલની ક્ષમાપના અને પશ્ચાત્તાપમાં ક્યારેય પાછી પાની કરવી નહીં, વિલંબ કરવો નહીં.**



૭. અનુપમાની - ગુરુભક્તિ

# અનુપમાની - ગુરુભક્તિ

વસ્તુપાલ અને તેજપાલ જિનશાસનના જબ્બર પ્રભાવક શ્રાવકો હતા.... આબુના જિનાલયોથી જગપ્રસિદ્ધ બની ગયા હતા. તેમની કીર્તિને દસે દિશામાં ફેલાવવામાં તેમની ધર્મપત્નીનો પણ ઘણો ફાળો છે. વસ્તુપાલનાં પત્ની લલિતાદેવી અને તેજપાલની પત્ની અનુપમાદેવી હતાં. બન્ને દેરાણી - જેઠાણી હોવા છતાં સગી બહેનોની જેમ રહેતાં. કોઈનામાં ઈર્ષા નહીં, અભિમાન નહીં, માયા-કપટ નહીં.... દેવો પણ તેમની પ્રશંસા કરતા, તેવો તેમનો પ્રેમભાવ.

લલિતાદેવી અને અનુપમાદેવી બંન્નેને ધર્મકાર્ય ગમે. તેમાં પણ અનુપમા બહુ જ હોશિયાર. ધર્મકાર્ય કરવા નવી નવી બુદ્ધિ ચલાવે. કયારેક તો વસ્તુપાલ - તેજપાલ પણ અનુપમા દેવીને પૂછીને કામ કરે... જમીન ખોદતાં ધન નીકળ્યું તો.... પ્રશ્ન થયો, ક્યાં મૂકવું... ? અનુપમાદેવીએ ચાતુરીભર્યો જવાબ આપ્યો... **"બધા દેખે પણ કોઈ લઈ ન શકે ત્યાં મૂકો."** આવી ગૂઢ વાણીનું રહસ્ય ખોલી દેલવાડાનાં દેરાસર બંધાવ્યાં...

**અનુપમાદેવીને દેવ-ગુરુ ઉપર અતૂટ શ્રદ્ધા હતી...** દેવગુરુની ભક્તિ સેવા કરવા હરઘડી તૈયાર રહેતાં. તેઓ માનતાં હતાં કે **"ભગવાનની આજ્ઞા પ્રમાણે હું દીક્ષા લઈ નથી શકતી પણ જે દીક્ષા લઈ સંયમ પાળે છે તેમની વૈયાવચ્ચ ભક્તિ કરું તો મને આવતા ભવે નાની ઉંમરમાં જ દીક્ષા મળી જાય"** આથી તેમને સાધુ - સાધ્વીજી મ.ને આહાર-પાણી-ગોચરી વહોરાવવામાં ખૂબ જ આનંદ આવતો. તેઓ રોજ ૫૦૦ સાધુ મ.ને ગોચરી વહોરાવતાં... **સાધુ-સાધ્વીજી મ.ને વહોરાવવું તે સુપાત્ર દાન કહેવાય.** બહુ મોટો એનો લાભ...

ગોચરી વહોરાવતાં કદાચ પાતરાં બગડે તો પોતાની કિંમતી સાડી કરતાં પાતરાને પવિત્ર માનતાં અને અત્યંત અહોભાવ પૂર્વક **લાખો રૂપિયાની સાડીથી પાતરાં લૂછતાં.**

પોતાના ત્યાં સાધુ-સાધ્વી મ.નો આટલો બધો લાભ મળે તો ? સુંદર ઉપાય તેમણે શોધી કાઢ્યો... પોતાના નગરમાં અનેક સાધર્મિકોની ભક્તિ કરે તેમના ઘરના રસોડાનો બધો જ ખર્ચો આપી... સાધુ-સાધ્વીજીની ભક્તિ કરવાનું કહે...

અનુપમાન દેવીની કેવી સુંદર ભાવના ! વહોરાવતાં વહોરાવતાં આનંદવિભોર બની સુંદર મજાની ભાવના ભાવતાં...

**"હે પ્રભુ ! માનવ જીવનમાં દીક્ષા જ લેવા જેવી છે. છતાં હું લઈ શકતી નથી. ગૃહસ્થના વિરાધનામય જીવનમાં પડી છું. આ ભક્તિના પ્રભાવે મને જલદી સંયમ જીવન મળે..."**

પોતાના જીવનમાં ઘણાં ઘણાં કાર્યો એમને કરાવ્યાં, પરમાત્માની ભક્તિ, છ'રીપાલક સંઘ, જિનાલય બંધાવ્યાં, શિલ્પીઓની સેવા, સાધુ-સાધ્વીની ભક્તિ, સાધર્મિક, અનુકંપાદાન, જીવદયા બીજા પણ ધર્મનાં કાર્યો... ઘણાં કર્યાં. તેમના ધર્મકાર્યનું લિસ્ટ જોઈએ તો અધધધ બોલાઈ જવાય...

દેવગુરુની ભક્તિમાં તરબોળ બનેલાં અનુપમાદેવી આયુષ્ય પૂરું કરી ક્યાં ગયાં ખબર છે ?

તેઓ મહાવિદેહક્ષેત્રમાં મનુષ્ય થયાં... અને ૮ વર્ષની નાની ઉંમરમાં સીમંધરસ્વામી ભગવંત પાસે દીક્ષા લીધી (તમો કેટલા વર્ષે દીક્ષા લેશો ?) સંયમની આરાધના કરી અને ૯મા વર્ષે તો તેમને કેવલજ્ઞાન થયું... અત્યારે કેવલીસ્વરૂપે વિચરે છે.

ઘણા જીવોને ઉપદેશ આપી તેમનું કલ્યાણ કરશે... અને છેવટે આયુષ્ય પૂર્ણ કરી મોક્ષમાં જશે...

**મોક્ષમાં કોઈ જ દુ:ખ નહીં... કોઈ રોગ નહીં... કોઈ ચિંતા નહીં ... કોઈ થાક નહીં... કોઈ ઈચ્છા નહીં...**

આવું સુખ મળી જાય તો કેવી મજા આવી જાય....?


આ છે ; દેવ-ગુરુ ભક્તિનો પ્રભાવ

બાળકો : **૧. તમોને અચાનક ઘણું ધન મળી જાય તો શું કરશો ? અનુપમાદેવીએ શું કર્યું ?**

**૨. દેવ-ગુરુ પ્રત્યેની શ્રદ્ધા આપણું કલ્યાણ જ કરે.**

**૩. પ્રભુ કે - મંદિર જોઈ "નમો જિણાણં" બોલવું. સાધુ સાધ્વી ભગવંતનાં દર્શન થાય તો 'મત્થએણ વંદામિ' બોલવું.**

**૪. સાધુ-સાધ્વીજી મ.ને વહોરાવવાનો પ્રસંગ આવે તો અનુપમાદેવીની ભાવનાને યાદ કરી વહોરાવશો...**



૮. ધન્ના-શાલિભદ્રનું અણણ

# ધન્ના-શાલિભદ્રનું અણસણ

રાજગૃહી નામની વિશાળ નગરી હતી. શ્રેણિક મહારાજા રાજ્ય કરતા હતા. પ્રભુ મહાવીર સ્વામીએ ૧૪ વાર ચાતુર્માસ કરી આ નગરીને પાવન બનાવી હતી. આ નગરીમા અનેક ધનાઢ્ય શેઠિયાઓ વસતા હતા. તેમાં શાલિભદ્રનું નામ સુપ્રસિદ્ધ હતું. ધન્નાજી નામના શ્રેષ્ઠી પણ ત્યાં વસતા હતા. શાલિભદ્ર અને ધન્નાજીનો સાળા-બનેવીનો સંબંધ હતો.

શાલિભદ્રને ત્યાં લખલૂટ સંપત્તિ હતી. રોજ ૯૯ પેટી દેવલોકમાંથી આવતી હતી. આજે પહેરેલાં વસ્ત્રો અને ઘરેણાં બીજા દિવસે પહેરવાનાં તો નહીં જ પણ સોના-હીરાના દાગીના પણ ખાળ (ગટર)માં નાખી દેવાના. શાલિભદ્રનો વૈભવ જોવા માટે ખુદ શ્રેણિક મહારાજા શાલિભદ્રના મહેલમાં આવ્યા હતા. શાલિભદ્રની કાયા અત્યંત કોમળ અને નાજુક હતી. શ્રેણીક મહારાજાએ શાલીભદ્રને પોતાના ખોળામાં બેસાડ્યો ત્યારે શાલિભદ્ર તો પરસેવે રેબઝેબ થઈ ગયા હતા...

ધન્નાજીનું પણ પુણ્ય જોરદાર હતું. લક્ષ્મીદેવી તેમના પગમાં આળોટતાં હતાં... ધન્નાજીના ભાઈઓ કાંઈ જ કમાય નહીં તો પણ ધન્નાજી તેમને વડીલ બંધુ માની માન-પાનપૂર્વક સાચવે છતાં મોટાભાઈઓને ઈર્ષા આવે. ધન્નાજીની ઈજ્જત-નામના જોઈ ભાઈઓ દુઃખી દુઃખી થઈ જાય.... ભાઈઓ તુચ્છ સ્વભાવના હતા છતાં ધન્નાજી તેમના આ દુઃખને સહન ન કરી શકે... **"મારા ભાઈઓ મારાથી દુઃખી ન જ થવા જોઈએ." ધન્નાજીની આ ઉદારતા ગજબની હતી,** તેથી ૩/૪વાર તો બધી જ સંપત્તિ વૈભવ ભાઈઓના ભરોસે છોડી પોતે પહેરેલા કપડે નીકળી ગયા. **પુણ્ય હોય તો લક્ષ્મી ટકે તે** ઉક્તિ અનુસાર ભાઈઓ પાસેથી બધું જ ખાલી થઈ જાય અને ધન્નાજી જ્યાં જાય ત્યાં અઢળક કમાય... અને નિર્ધન ભાઈઓને પાછા બોલાવી મોટા કરે.

ધન્નાજી પાસે ચિંતામણિ રત્ન હતું. **આ ચિંતામણિ રત્ન દેવથી સિદ્ધ હોય. ચિંતામણિ રત્નની પૂજા કરી તેની પાસે જે માંગીએ તે મળે...** આવો જોરદાર પ્રભાવ છતાં વિકટ પરિસ્થિતિમાંય ધન્નાજીએ ક્યારેય આ રત્નનો ઉપયોગ કર્યો નથી.

**ધન્ના-શાલિભદ્ર બંને પાસે અમાપ સંપત્તિ-વૈભવ હોવા છતાં આસક્તિરહિત ભોગવતા હતા. ક્યારેય ધન સંપત્તિ ઉપર મમત્વ ન હતું. પૈસાનું અભિમાન ન હતું. વિનમ્રતા - વિનય - વિવેક વગેરે અનેક ગુણોના ભંડાર હતા.**

શાલિભદ્રને પ્રભુની દેશના સાંભળી વૈરાગ્ય થયો... ધન-સંપત્તિ-વૈભવ બધું જ નિરર્થક લાગ્યું... માત્ર પાપનું સાધન સમજાયું તેથી ૩૨ પત્નીમાંથી રોજ ૧ - ૧ પત્ની છોડી ૩૨મા દિવસે દીક્ષા લેવાનું નક્કી કર્યું. શાલિભદ્રના આ ત્યાગની સમગ્ર રાજગૃહી નગરીના લોકો અનુમોદના કરી રહ્યા છે... ધન્નાજીએ પણ શાલિભદ્રનો નિર્ણય સાંભળ્યો અને અંતર આત્મા જાગી ગયો... **ક્ષણમાત્રમાં બધુ જ છોડવા તૈયાર થઈ ગયા...** શાલિભદ્રની હવેલી પાસે જઈ કહ્યું... "અલ્યા શાલિભદ્ર ! સાચો વૈરાગ્ય થયો હોય તો ચાલ પ્રભુવીર પાસે સંયમ લેવા. **ધીરે ધીરે છોડવું એ તો નમાલાનું કામ... મરદ બની ચાલ પ્રભુ પાસે..**" શાલિભદ્રને વૈરાગ્યનો રંગ ચડેલો જ હતો. તેમાંય ધન્નાજીની ટકોર લાગી... તે પણ બધું છોડી સડસડાટ નીચે ઊતરી ગયા.... અને પ્રભુ પાસે ગયા...

હૈયામાં **સાચો વૈરાગ્ય થયો પછી કોઈને ય પૂછવાની જરૂર નથી કોઈની રજા લેવાની પણ જરૂર નથી** એવું ધન્ના-શાલિભદ્ર સમજતા હતા. બંને એ પ્રભુ પાસે જઈ દીક્ષા લીધી. **પ્રભુએ પણ કહ્યું નહિ કે માતા-પિતા-પત્નીઓની રજા લઈને આવો પછી દીક્ષા આપીશ.**

**સંસાર તો મોહ દશાથી ભરેલો છે. તેમની મોહ-માયાથી આપણા આત્માની સાધના બગાડાય નહીં. શરીર અને આત્મા જુદા છે. શરીર મારું નથી. શરીરે જ મારા આત્માને સંસારમાં જકડી રાખ્યો છે. શરીરનું મમત્વ તૂટે તો જ મોક્ષ મળે** એવા જ્ઞાનથી ધન્ના-શાલિભદ્ર દીક્ષા લઈ આસેવન શિક્ષા અને ગ્રહણ શિક્ષા દ્વારા અભ્યાસ કરવા લાગ્યા સાથે સાથે ઉગ્ર તપ કરવા લાગ્યા... સૌંદર્યથી ખદબદતી તેમની કાયા મૂરઝાવા લાગી, ચરબી-માંસ ઓગળવા લાગ્યાં... શરીર માત્ર હાડપિંજર જેવું રહ્યું. આખું શરીર કાળું પડી ગયું .આંખો અંદર ઊતરી ગઈ...

ભગવાન મહાવીપ્રભુ સાથે ધન્ના-શાલિભદ્રમુનિ રાજગૃહી પધાર્યા ત્યારે શાલિભદ્રમુનિને માસક્ષમણનું પારણું હતું. પ્રભુએ કહ્યું કે "આજે તમારી માતાના હાથે પારણું થશે"... તેથી સીધા જ ભદ્રામાતાના ઘરે ગયા...

ભગવાન સાથે પોતાના જ મહારાજ આવ્યા છે તેથી ધન્ના-શાલિભદ્રના પરિવારમાં ઘણી હોંશ છે. વંદન કરવા જવાની તૈયારીમાં છે. પોતાના જ મહારાજ ઘરે આવ્યા છે છતાં કોઈ ઓળખતું નથી. વંદન કરવા જવાની ધમાલમાં કોઈ પૂછતું પણ નથી. શાલિભદ્રમુનિ પ્રભુ પાસે પાછા ફર્યા. રસ્તામાં ભરવાડે દહીં વહોરાવ્યું.. તેનાથી પારણું કર્યું. શાલિમુનિએ ભગવાનને પૂછ્યું "ભગવાન ! આપ કહેતા હતા કે... માતાના હાથે પારણું થશે... પરંતુ ત્યાં તો કોઈએ વ્હોરાવ્યું નહીં... સામે પણ જોયું નહીં.."

વીરપ્રભુ મીઠા શબ્દોમાં બોલ્યા **"મુનિ ! અત્યાર સુધી તમે કેટલી માતા કરી ? તમે માત્ર આ ભવની માતાને જ જુઓ છો...** તમને દહીં વ્હોરાવ્યું તે તમારી પૂર્વ ભવની સંગમના ભવની મા હતી." પ્રભુના આ શબ્દો સાંભળતાં જ જ્ઞાનદૃષ્ટિ જાગી ગઈ... **અનંત ભવોની અનંત માતાઓ સામે દેખાવા લાગી...**

શાલિભદ્ર અને ધન્નાજી બન્ને મુનિઓ પ્રભુ પાસે રજા લઈ વૈભારગિરિ પર્વત ઉપર અનશન કરવા ગયા.

ધોમધખતી શિલા ઉપર માત્ર સંથારો પાથરી આહાર-પાણીનો ત્યાગ કરી પોતાનું શરીર વોસરાવી દીધું અને સિદ્ધ પરમાત્માના ધ્યાનમાં સ્થિર થયા.

ધન્નાજી અને શાલિભદ્રના પરિવારજનો તૈયાર થઈ પ્રભુ પાસે આવી વંદન કર્યું અને પોતાના સાધુ મ. ક્યાં છે ! તેમ પૂછ્યું. પ્રભુએ કહ્યું "હે પુણ્યાત્માઓ ! મુનિ ધન્ના અને શાલિભદ્રએ તો વૈભારગિરિ પર અણસણ કર્યું છે."

ભદ્રમાતા, ૩૨ પત્નીઓ તથા ધન્નાજીનો પરિવાર સૌ વૈભારગિરિ ગયાં... બન્ને મુનિવરોની સાધના જોઈ ચોંકી ગયા... શરીર કેવું સૂકવી નાખ્યું છે. જેમને ગુલાબની શૈય્યા પણ ખૂંચતી હતી તેમણે શરીરને સૂકવી ધખધખતી શિલા ઉપર સંથારો કર્યો છે... ધન્ય છે... ધન્ય છે... અનુમોદના કરે છે... દેવો પણ દર્શન કરવા આવે તેવો તેમનો ત્યાગ છે.

ભદ્રામાતાની વિનવણીથી શાલિભદ્ર ક્ષણમાત્ર આંખ ખોલે છે. ધન્નાજી તો.... અખંડ ધ્યાનમાં રહે છે.

આ જ અવસ્થામાં ધન્ના-શાલિભદ્ર મુનિનું આયુષ્ય પૂર્ણ થયું. ધન્નાજી સર્વે કર્મોનો ક્ષય કરી મોક્ષે પધાર્યા, શાલિભદ્રમુનિને ક્ષણમાત્રની માતાની મોહદશાના કારણે મોક્ષ ન મળ્યો. સર્વાર્થ સિદ્ધિ દેવલોકમાં ગયા. ત્યાંથી મનુષ્ય ભવ પામી મોક્ષે જશે..

બાળકો :
**૧. ધન-સપંત્તિ-વૈભવ પુણ્યથી જ મળે છે.**
**૨. પુણ્યથી મળેલ વૈભવોમાં પણ આસક્તિ ન રાખવી.**
**૩. ઉદાર બની બીજા સુખી થાય તેવું વર્તન કરવું.**
**૪. શરીરને ગમે તેટલું રાખશો તો પણ છેવટે છોડવાનું છે, રાખ થવાનું છે. શરીરથી ધર્મ-સાધના થાય તેટલી કરી લેવી.**

**સુભદ્રાબેન રમણલાલ શાહ**
૧, ઈશાવાસ્યમ બંગલોઝ, સેટેલાઈટ,
અમદાવાદ - ૩૮૦૦૧૫. (ઉ.૮૪)
વિસસ્થાનક તપ (ઉપવાસથી)
નવપદજીની ઓળી (વિધિ સાથે)



**અર્પિત અભયભાઈ કાંતિલાલ શાહ**
એ-૪૦૨, ક્રિષ્ણા ટાવર, ૧૦૦' રોડ,
સેટેલાઈટ, અમદાવાદ-૧૫. (ઉ.૧૩)
ફોન : ૨૬૭૬૪૨૧૭
સામાયિક સુત્રો



**ખુશી કલ્પેશભાઈ કાંતિલાલ ભોટાણી**
બી-૧૦૨, સાગર સમ્રાટ ટાવર,
ટાઈમ્સ ઓફ ઈન્ડિયા રોડ, સેટેલાઈટ,
મુરલી એપા.સામે, અમદાવાદ-૧૫.
મો. ૯૪૨૬૪ ૪૭૯૦૨



**દેવ હાર્દિક સંઘવી (ઉ.૫)**
ડી-૧૦૧, ધનંજય ટાવર, ૧૦૦' રીંગ રોડ,
સેટેલાઈટ, અમદાવાદ-૧૫.
ફોન : ૨૬૯૩૧૫૦૧
ગુરૂકુલમાં બે વર્ષથી અભ્યાસ સાતલાખ



**ખુશી ચિંતન ઉમેશભાઈ શાહ**
(ઉ.૫ વર્ષ)
૧૧, ઈશાવાસ્યમ બંગલોઝ, સેટેલાઈટ,
લવકુશ સોસા. પાસે, અમદાવાદ.
વિવિધ તપશ્ચર્યા



**માહિન મનનકુમાર શાહ (ઉ. ૬ માસ)**
C/o.જીતેન્દ્ર વિરચંદભાઈ શાહ
બી-૩૭, સોમેશ્વર રો-હાઉસ, કોમ્પલેક્ષ-૧,
રીંગ રોડ, સેટેલાઈટ, અમદાવાદ.
ફોન : ૨૬૭૬૬૪૭૧



**પક્ષાલ પ્રિતેશભાઈ યશવંતભાઈ શાહ**
૬૩, વૃંદાવન બંગલોઝ, સેટેલાઈટ, મેડીલીંક
હોસ્પીટલના ખાંચામાં, સેટેલાઈટ,
અમદાવાદ-૧૫. ફોન : ૨૬૭૬૪૫૩૫
નિત્ય પ્રભુ દર્શન, પાઠશાળા



**વિહાર - પરિહાર કૈવન દોશી**
(ઉ. ૧૨ વર્ષ) (ઉ. ૯ વર્ષ)
એ-૫૨, શ્યામલ રો-હાઉસ, સેટેલાઈટ,
અમદાવાદ-૧૫. (અઠ્ઠાઈ તપ, ગલ્લાના તપ,
નિત્યપુજા દર્શન, ધાર્મિક અભ્યાસ)



**બિનોય સુકેતુભાઈ અશોકકુમાર શાહ**
એ-૫૦૨, કલાદિપ ફ્લેટ્સ, ૧૦૦' ફૂટ રીંગ રોડ
ધનંજય ટાવર પાછળ, સેટેલાઈટ,
અમદાવાદ-૧૫. મો. ૯૩૨૭૫૧૪૩૫૫
(ઉ. ૧૩ વર્ષ) અઠ્ઠાઈતપ,



**શ્રેયાંસ પરેશભાઈ શાહ (ઉ.૧૭)**
૬/૧૪૫૯, દડંગવાડ, નવસારી.
મો. ૯૮૨૫૯ ૭૦૧૦૩
પંચપ્રતિક્રમણ, અતિચાર, જીવિચાર, નવતત્ત્વ
(અર્થસાથે) નિત્યપૂજા, પાઠશાળા



**કોમલ નિમિષભાઈ હસમુખભાઈ ચુડગર**
૧૪, સાનિધ્ય બંગલો, ૧૩૨' રીંગ રોડ,
સેટેલાઈટ, અમદાવાદ. ફોન : ૨૬૭૬૨૩૦૮
ધો-૮, ચિત્રરંગપૂરણીમાં શોખ



**નૈસાર હિતેશભાઈ નરેન્દ્રભાઈ શાહ**
૧૭, અશ્વમેઘ બંગલો, વિ-૫,
સેટેલાઈ રોડ, અમદાવાદ - ૧૫.
ફોન : ૨૬૭૬૬૨૦૦ (ધો. ૪)
(ઉ. ૯ વર્ષ) નિત્યદર્શન, પાઠશાળા



**કવિષ પરાગભાઈ ગાઠાણી**
૨, સ્વીનગર બંગલો, ૧૩૨ રીંગ રોડ,
સેટેલાઈટ, અમદાવાદ. (ઉ.૧ વર્ષ)
નિત્ય દર્શન, નવકાર મંત્રનું શ્રવણ

**મંજુલાબેન ચીનુભાઈ શાહ**
(અગરબત્તીવાળા)
૩, પ્રસાદ પાર્ક, મેડીલીંક હોસ્પીટ પાસે,
સોમેશ્વર જૈન દેરાસર સામે,
સેટેલાઈટ, અમદાવાદ-૧૫.

બાળકો ! તમારે પણ ફોટો છપાવવો છે ને ? માત્ર રૂા. ૧૫૦૦/- માં ગુજરાતની તમામ પાઠશાળામાં તમારો ફોટો જશે... આ સુંદર યોજના છે આવતા અંકમાં તમો પણ તમારો ફોટો મોકલાવો.

JAMBOODWEEP PRINTERS
94270 36856, 98798 96170